eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 264
March 25, 2011

## તા.૧૨/૦૩/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ (એનઆરએચએમ/આરસીએચ) ધ્વારા વર્કશોપનું આયોજન

આરોગ્ય વિભાગ(એનઆરએચએમ/આરસીએચ) અંતર્ગત The Role Of Public Private Partnership In Reduction Of IMR & MMR in Child Friendly Surat City બાબતે વર્કશોપ તા. ૧૨/૦૩/૧૧ ના રોજ હોટલ એમ્બેસી ખાતે રાખવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે સેન્ટ્રલ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સુરત મહાનગરપાલિકા તરફથી તા.૧૯ મી માર્ચ–૨૦૧૧ના રોજ સરકારશ્રીના "માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫" ના વધુ પ્રચાર અને પ્રસાર અર્થે વિસ્તૃત માહિતી જાહેર જનતાને પુરી પાડી નાગરિકોને જાહેર માહિતી મેળવવા અંગેના નિયમો બાબતે વધુ માર્ગદર્શન આપી જાગૃત કરી શકાય તે હેતુથી મુગલીસરા ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૨૧ થી ૨૬ માર્ચ, ૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" નું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત" અને "અમદાવાદ–૬૦૦ વર્ષ" ની સંયુકત ઉજવણીના ઉપક્રમે અમદાવાદ મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૨૧ થી ૨૬ માર્ચ,૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેરા વસુલાત માટે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર–જોશમાં શરૂ કરવામાં આવેલ છે. વેરો ભરપાઈ કરવામાં વિલબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછાઝોન ધ્વારા વેરા વસૂલાતની કડક ઉઘરાણી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)ના આકારણી અને વસૂલાત વિભાગ ધ્વારા વેરા વસૂલાતની કડક હાથે વસુલાત કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે શ્યામધામ ચોક પાસે આવેલ શ્યામધામ પેલેસ વિભાગ–બી માં ચાલતી માર્કેટનો આશરે રૂા. ૯૩,૦૦૦/– જેટલો વેરો ઘણાં વર્ષથી બાકી હતો. ઉપરોકત મિલકતના માલિક ધ્વારા વેરો ભરપાઈ કરવામાં અખાડા કરતા ઉપરોકત મિલકતને આજરોજ સીલ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૨/૦૩/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ (એનઆરએચએમ/આરસીએચ) દ્વારા વર્કશોપનું આયોજન

**આરોગ્ય વિભાગ(એનઆરએચએમ/આરસીએચ) અંતર્ગત The Role Of Public Private Partnership In Reduction Of IMR & MMR in Child Friendly Surat City બાબતે વર્કશોપ તા. ૧૨/૦૩/૧૧ ના રોજ હોટલ એમ્બેસી ખાતે રાખવામાં આવેલ હતો. આ વર્કશોપમાં ચિરંજીવી યોજનાના તેમજ બાલસાખા યોજનાના ડોકટરો, FOGSI, IMA, IAP, ફેમીલી ફિઝીશ્યન એસોસિયેશનના ચેરમેન અને મેમ્બર(૨), ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના HOD-ગાયનેક, પીડીયાટ્રીશ્યન, પીએસએમ(૩),સુરત મહાનગરપાલિકા અંતર્ગત કાર્યરત ગાયનેકોલોજીસ્ટ અને પીડીયાટ્રીશ્યન, અર્બન હેલ્થ સેન્ટરના લેડી મેડીકલ ઓફિસરો, આરડીડી, સીડીએચઓ, આર.સી.એચ.ઓ. અને સીનીયર મેમ્બર ઓફ ઓ.જી. મળી કુલ 52 ડોકટરોઓએ હાજરી આપી હતી. જેમાં મમતા કાર્ડ, ચિરંજીવી અને બાલસખા યોજનાના જી.આર., IEC મટીરીયલ, પેપ્મલેટ વગેરે અંગે જાણકારી આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું. જેનો મુખ્ય હેતુ બાળમરણ તથા માતામરણનો દર ઘટાડવાનો હતો.**

TOP

# આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે સેન્ટ્રલ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન



સુરત મહાનગરપાલિકા તરફથી તા.૧૯ મી માર્ચ–૨૦૧૧ના રોજ સરકારશ્રીના ''માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫'' ના વધુ પ્રચાર અને પ્રસાર અર્થે વિસ્તૃત માહિતી જાહેર જનતાને પુરી પાડી નાગરિકોને જાહેર માહિતી મેળવવા અંગેના નિયમો બાબતે વધુ માર્ગદર્શન આપી જાગૃત કરી શકાય તે હેતુથી મુગલીસરા ખાતે સેન્ટ્રલ ઝોન અને સુરત મહાનગરપાલિકાના મુખ્ય મથકના વિવિધ ખાતાઓ તરફથી સુરત મહાનગરપાલિકાના શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે વર્કશોપ/તાલીમ–સહ કાર્યશાળા–૨૦૧૧ નું પ્રયોજક શ્રી સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થા તરફથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ દરમ્યાન મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, મા.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ રાયકા, સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થાના ડે.ડાયરેકટર શ્રી પંકજ ઓંધિયા તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને સેન્ટ્રલ ઝોનના મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહયા હતા. આ ઉપરાંત માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળ વધુ રસ ધરાવતા નાગરિકો તેમજ સેન્ટ્રલ ઝોનમાં આવેલ વિવિધ ખાતાઓના વડાઓ અને ખાતાધિકારી તેમજ આ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ/કર્મચારીઓ મળી કુલ–૧૬૫ જેટલા વ્યકિતઓ હાજર રહયા હતા.

માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળ પ્રાસંગિક પ્રવચન મા.મેયરશ્રીએ આપીને આ કાયદાની ટૂંકી રૂપરેખા આપી હતી અને ત્યારબાદ મે.કમિશ્નરશ્રીએ આ કાયદાની વિગતવાર માહિતી તથા કાયદાની ઉપયોગિતા ટાંકીને ઉપસ્થિત રહેલ સદસ્યો તેમજ અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડેલ હતું. ત્યારબાદ સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થાના ડે.ડાયરેકટર શ્રી પંકજભાઈ ઓંધિયાએ આ કાયદાની ઉત્પતિ કેવી રીતે અને કયારથી શરૂ થઈ તેની વિસ્તૃત માહિતી આપીને આ કાયદાના હાર્દ વિશે સરળ ભાષામાં સમજ આપી હતી અને ત્યારબાદ આ કાર્યક્રમના વકતા તરીકે શ્રી એચ.એસ.ભાવસારે આ કાયદાની વિસ્તૃત છણાવટ કરી ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડેલ હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. જેમાં ખાસ કરીને આ કાયદામાં વધુ જાણકારી મેળવવા માંગતા સભ્યોને વિગતવાર સમજ આપવામાં આવી હતી અને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

TOP

## ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૨૧ થી ૨૬ માર્ચ, ૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" નું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત" અને "અમદાવાદ–૬૦૦ વર્ષ" ની સંયુકત ઉજવણીના ઉપક્રમે અમદાવાદ મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૨૧ થી ૨૬ માર્ચ,૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન **T-20** ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. આ ક્રિકેટ ટુનાર્મેન્ટનાં તા. ૨૨/૦૩/૨૦૧૧ ને મંગળવારના રોજ સુરત મહાનગરપાલિકા અને જામનગર મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ વચ્ચે રમાઈ હતી. સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ક્રિકેટ ટીમના કેપ્ટન યોગેશ પટેલે ટોસ જીતી પ્રથમ દાવ લઈ ધમાકેદાર શરૂઆત કરી હતી. જેમાં નિર્ધારિત ૨૦ ઓવરમાં યોગેશકુમાર પટેલ(કેપ્ટન)–૫૩ રન નોટ આઉટ, જીતેન્દ્ર પરમાર–૪૧ રન અને પ્રવિણ પટેલ ૨૭ રનના સથવારે ૪ વિકેટે ૧૫૯ રનનો પડકાર ફેંકયો હતો. જેની સામે જામનગર કમિશનરશ્રીની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૨૧ રન જ કરી શકી હતી. જેમાં દિનેશ પટેલે ૪ વિકેટ, મુકુંદ ભગવાગર ૨ વિકેટ અને યોગેશ પટેલ અને ધર્મેન્દ્ર સેલરે એક એક વિકેટ ઝડપી હતી. સુરત મહાનગરપાલિકા કમિશનરશ્રીની ટીમનો ૩૭ રને વિજય થયો હતો. મેન ઓફ ધ મેચ સુરત કમિશનરશ્રી ટીમના કેપ્ટન યોગેશ પટેલ ઘોષિત થયા હતા.

TOP

## વેરા વસુલાત માટે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર–જોશમાં શરૂ કરવામાં આવેલ છે. વેરો ભરપાઈ કરવામાં વિલબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશમાં રહેણાંક વિસ્તારોમાં વેરો ભરપાઈ કરવામાં અખાડા કરતા કરદાતાઓની મિલકતોને સીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે દરમ્યાન ગોડાદરામાં પ્રિયંકા મેગા સીટીમાં–૧૮, ધ્રુવપાર્કમાં–૧૨, રૂપસાગરમાં–૧૧, આસ્તિકનગર સોસાયટીમાં–૦૯, શકિતનગરમાં–૦૬ મળી કુલ ૫૬–સીલ મારવામાં આવેલ છે. સીલ મારવાની કામગીરી શરૂ કરતાં કસુરદાર કરદાતાઓએ સ્થળ ઉપર ૪૭૦૦૦/– ભરપાઈ કરી દીધા હતા. વારંવાર તાકીદ કરવા છતાં પણ વેરો ન ભરતા કરદાતાઓના રેલ રાહત કોલોનીમાં ૦૪ નળ કનેકશન કાપવામાં આવેલ છે. કેટલાક વેરો ભરવામાં અખાડા કરતા દુકાનદારોએ સ્થળ ઉપર વેરાની રકમ વ્યાજ/પેન્લ્ટી સહિત પૂરેપૂરી ભરપાઈ કરી દેતા એવા દુકાનદારોની મિલકતો સીલ કરવામાં આવી ન હતી. કોમર્શીયલ મિલકતોમાં સ્થળ ઉપર રૂા.૭૨,૦૦૦/– ની વસુલાત લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા ખુલ્લા પ્લોટોની વસુલાત માટે પ્લોટની જાહેર હરાજી કરવાની નોટિસ પણ દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ખુલ્લા પ્લોટો પર મિલકત ટાંચમાં લીધેલ હોવાના જાહેર નોટિસના બોર્ડ પણ મુકવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે દરમ્યાન કેટલાક ઓર્ગેનાઈઝરો/બિલ્ડરોએ એમના વહીવટ હેઠળના પ્લોટના નાણા રૂા.૨૮,૦૦૦/– પૂરેપૂરા વ્યાજ/પેનલ્ટી સહિત ભરપાઈ કરી દીધા હતા. વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન સ્થળ ઉપર કુલ રૂા.૧,૪૭,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે તમામ બાકીદારોનું લીસ્ટ બનાવી વોર્ડ વાઈઝ તેની ફાળવણી કરી ડોર–ટુ–ડોર રીકવરી અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

ઓપન પ્લોટના વેરા ભરવામાં અખાડા કરતા કરદાતાઓ ઉપર હવે પછીના સમયમાં હજુ આકરા પગલા લેવામાં આવનાર છે. આથી ઓપન પ્લોટના કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી જવા આથી સુચના આપવામાં આવે છે.

TOP

## વરાછાઝોન ધ્વારા વેરા વસૂલાતની કડક ઉઘરાણી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)ના આકારણી અને વસૂલાત વિભાગ ધ્વારા વેરા વસૂલાતની કડક હાથે વસુલાત કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે શ્યામધામ ચોક પાસે આવેલ શ્યામધામ પેલેસ વિભાગ–બી માં ચાલતી માર્કેટનો આશરે રૂા. ૯૩,૦૦૦/– જેટલો વેરો ઘણાં વર્ષથી બાકી હતો. ઉપરોકત મિલકતના માલિક ધ્વારા વેરો ભરપાઈ કરવામાં અખાડા કરતા ઉપરોકત મિલકતને આજરોજ સીલ કરવામાં આવેલ છે.

તે જ રીતે એ.કે.રોડ ખાતે આવેલ આઈ.સી.ગાંધી મીલની બાજુમાં આવેલ ઓફિસના માલિક શ્રીમતિ નયનાબેન જશભાઈ પટેલ ધ્વારા પણ રૂા. પર,૪૪૫/– જેટલો વેરા ભરપાઈ કરવામાં ન આવતાં તેમની મિલકતને પણ સીલ મારવામાં આવેલ છે.

ઉપરકોત બંને મિલકતોના માલિકોને વેરાબીલ, ડીમાન્ડ નોટીસ તેમજ વોરંટની બજવણી કરેલ હોવા છતાં વેરા ભરપાઈ કરવામાં ન આવતા આજરોજ સીલ કરવામાં આવેલ છે.

વધુમાં વરાછા વિસ્તારમાં કરદાતાઓને અપીલ કરવામાં આવે છે, તેમનો બાકી વેરો તાકીદે ભરી દેવો. આવનાર દિવસોમાં વરાછાઝોન ધ્વારા બાકીદારોની સામે કડક વસૂલાત કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે. જેમાં મિલકતની જપ્તિ, મિલકતની હરાજી, નળ કનેકશનની કપાત જેવાં કડક પગલાં લેવામાં આવનાર છે. જાહેર રજાઓના દિવસો દરમ્યાન પણ સીટી સીવીક સેન્ટર તથા ઝોન કચેરીઓ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

TOP